# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ ૨૧ માર્ચ, ૨૦૦૮ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૧૨ ❖ સળંગ અંક - ૯૬


## ધમ્મવાણી

न हि वेरेन वेरानि सम्मन्तीध कु दाचनं ।
अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ॥
धम्मपद – १.५, यमकवग्गो

અહીં (આ લોકમાં) કદી વેર થકી વેર શાંત થતું નથી.
બલકે, અવેર થકી શાંત થાય છે. આ જ સનાતન ધર્મ છે.

## બેનઝીર ભુટ્ટો અને વિપશ્યના

લેખક : ડો. રૂપજ્યોતિ

સને ૧૯૯૪ના ઉનાળા દરમિયાન કાઠમાંડુમાં ગૃહમંત્રાલયમાંથી મારા ઉપર ફોન આવ્યો. એ વખતે પાકીસ્તાનનાં પ્રધાનમંત્રી શ્રીમતી બેનઝીર ભુટ્ટો નેપાળની સરકારી યાત્રાએ આવેલાં હતાં. તેમણે 'ધર્મશૃંગ' વિપશ્યના કેન્દ્ર જોવાની ઈચ્છા વ્યકત કરી.

વિપશ્યનાના બધા સહાયક આચાર્યો, ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓ ખૂબ ઉત્સુકતાપૂર્વક તેમના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. સયાજી ઉ બા ખિનની પરંપરામાં વિપશ્યના - આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા દ્વારા શીખવાતી વિપશ્યનાના બારામાં ઉચિત જાણકારી દેવાની તથા કેન્દ્ર દેખાડવાની અમે વ્યવસ્થા કરી લીધી હતી.

પરંતુ દુર્ભાગ્યે તેમનો એ કાર્યક્રમ રદ થઇ ગયો. કોઇએ તેમને ખોટી માહિતી આપી કે અર્ધો કલાક કારમાં મુસાફરી કર્યા બાદ પણ તેમણે ૪૫ મિનિટ પગપાળા જવું પડશે. તેમને એટલો સમય નહોતો તેથી યાત્રા બંધ રાખી; વાસ્તવમાં ૩૦ મિનિટમાં જ કેન્દ્ર સુધી આરામથી પહોંચી શકાય તેમ હતું!

લગભગ બે વર્ષ બાદ નેપાળી વિદેશ મંત્રાલયે ફરીથી મારો સંપર્ક કર્યો. પ્રધાનમંત્રી શ્રી શેર બહાદુર દેઉબાનો પાકીસ્તાનની રાજકીય યાત્રાનો કાર્યક્રમ બન્યો. તેમાં પ્રધાનમંત્રી શ્રીમતી બેનઝીર ભુટ્ટો દ્વારા વિશેષ આગ્રહ રખાયો હતો કે કોઇ વિપશ્યના - આચાર્યને સાથે લાવવા.

આ વિનંતી મુજબ, આપણા પ્રમુખ આચાર્ય શ્રી ગોયન્કાજીએ મને તથા સુશ્રી નાની મૈયોં માનધરને સૂચના આપી કે બંને વરિષ્ઠ આચાર્ય આ પ્રતિનિધિમંડળનો હિસ્સો બને. અમે સાથે ગયા. બેનઝીર ભુટ્ટોએ અમને સંદેશો મોકલ્યો કે જેવું પ્રતિનિધિમંડળનું કામ પૂરું થશે કે તેઓ વિપશ્યનાના બારામાં અમને અલગ મુલાકાત આપશે. નેપાળી પ્રતિનિધિમંડળને આ યાત્રાના છેલ્લા દિવસે બપોર પછી કરાંચી જવાનું હતું અને ત્યાંથી કાઠમાંડુ. શ્રીમતી બેનઝીરના નિમંત્રણથી હું અને નાની મૈયોં બપોરે ત્રણ વાગ્યે અલગ રીતે (તેમને) મળ્યા; પ્રતિનિધિમંડળના બાકીના સદસ્યો આગળની યાત્રા પર નીકળી ગયા.

બેનઝીર ભુટ્ટોએ વિપશ્યના અંગે ઘણું સાંભળેલું અને વિપશ્યનાની ટેકનિક તેમને કોઇ શીખવે એવું ઈચ્છતાં હતાં. તેમને કહ્યું કે તે માટે ૧૦ દિસની શિબિરમાં જોડાવું અનિવાર્ય છે. તેમને એટલો સમય તો નહોતો અને ઈચ્છા એવી હતી કે થોડુંક તો શીખવા મળે ! અમે આચાર્યશ્રી ગોયન્કાજીની અનુમતિ લીધી અને નાની મૈયોંએ તેમને આનાપાન શીખવ્યું. બેનઝીરે તેનો અભ્યાસ શરૂ કરી દીધો અને જોયું કે આ (વિદ્યા) ખરેખર શાંતિદાયિની છે. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાયે દિવસોથી તે સૂઇ શક્યાં નહોતાં, પણ આનાપાનના થોડીક ક્ષણોના અભ્યાસથી જ એટલી શાંતિ મળી કે નીંદર આવવા લાગી. તેમણે અમારી પાસેથી સૂવાની અનુમતિ માગી.

થોડાક કલાકની ઊંઘ બાદ તેઓ પાછાં આવ્યાં અને અમે જોયું કે તેઓ ખૂબ તાજગી અનુભવતાં હતાં, અને બહુ ખુશ હતાં. તેમણે કીધું કે આનાપાન કરતી વખતે તેમને ઉજળો પ્રકાશ દેખાયો. અમે તેમને વિપશ્યનાના મુખ્ય પ્રભાવો અંગે જણાવ્યું કે આ એક એવી વિધિ છે જે મનુષ્યમાત્ર માટે ઉપયોગી અને લાભદાયી છે. આ કોઇ કર્મકાંડો સાથે કે સંપ્રદાય સાથે જોડાએલી નથી. આ તો એવી સર્વજનીન વિદ્યા છે જે બધી જાતિ, વર્ગ, સંપ્રદાય અને દેશ-કાળના લોકો માટે સમાન રૂપે ગ્રહણ કરવા યોગ્ય છે. આ વિદ્યા એવી છે જે લોકોના મનને એકાગ્ર કરીને (માનસના) વિકારોના મૂળ સુધી લઈ જાય છે, અને ત્યાંથી (એ વિકારોને) સદાને માટે ઉખેડી નાખે છે. આ રીતે ભય, ક્રોધ, ચિંતા, ઈર્ષા, માત્સર્ય અને વાસના આદિ બધા વિકારોથી છુટકારો પામવામાં સહાય કરે છે. વિપશ્યના શીખવે છે કે અંહકારને શી રીતે દૂર કરવો ? સચ્ચાઇના રસ્તે ચાલીને પોતાના જીવનને સાચા અર્થમાં સુખી અને શાંત કઇ રીતે બનાવવું ? વિપશ્યના વ્યાકુળતાને

## સજગતા અને સમતા કેળવો

(ધમ્મગિરિ ખાતે થયેલી તરુણોની પ્રથમ શિબિરમાં ૧૨ થી ૧૯ એપ્રિલ ૨૦૦૪ દરમ્યાન પૂછાયેલા પ્રશ્નોનું અહીં સંપાદન કરાએલું છે.)

**પ્રશ્ન : ઘણી સંવેદનાઓ નથી તો સુખદ હોતી કે નથી તો દુઃખદ, તેથી આપણે તેના પ્રત્યે રાગ કે દ્વેષ કરતાં નથી હોતાં (છતાંયે) એવી સંવેદનાઓ આપણે શા માટે જોવી જોઈએ?**

**ગોયન્કાજી :** બહુ સરસ પ્રશ્ન ! સંવેદનાઓ ત્રણ પ્રકારની હોય છે : સુખદ, દુઃખદ અને અસુખદ-અદુઃખદ. સામાન્ય રીતે વ્યક્તિ સુખદ સંવેદના પ્રત્યે રાગ અને દુઃખદ સંવેદના પ્રત્યે દ્વેષ કરે છે. તો પછી અસુખદ-અદુઃખદ સંવેદનાનું શું છે ? તમારે આ અસુખદ-અદુઃખદ સંવેદના ધ્યાનપૂર્વક જોવાની છે જેથી તમે તેના અનિત્ય સ્વભાવને સમજી શકો. જો તમે તેના અનિત્ય સ્વભાવને સમજો છો તો તમે સત્ય સાથે છો. તમારું મન એટલું તીક્ષ્ણ બની જશે કે તમે રાગ, દ્વેષ કે મોહ પેદા નહિ કરો. તેથી આ અસુખદ-અદુઃખદ સંવેદનાઓનો પણ ઉપયોગ કરો અને સમજતાં રહો કે એ સંવેદનાઓનો સ્વભાવ પણ બદલતા રહેવાનો છે.


**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWSPAPER VIPASSANA MONTHLY (GUJARATI) AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE 8 OF REGISTRATION OF NEWSPAPERS (CENTRAL RULES, 1956.)**
**FORM - IV (SEE RULES 8)**

| | | |
|---|---|---|
| 1. | Place of Publication | Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001. |
| 2. | Periodicity of its Publication | Monthly |
| 3. | Printer's Name | Mr. Chandubhai G. Mehta. (on behalf of Saurashtra Vipassana Research Centre) |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001. |
| 4. | Publisher's Name | Mr. Chandubhai G. Mehta |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001. |
| 5. | Editor | Mr. Bharat S. Kapadia |
| | Whether citizen of India ? | Yes |
| | Address | Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001. |
| 6. | Names and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent. | Saurashtra Vipassana Research Centre, 3-A, Pramukhswami Arcade, Malaviya Chowk, Rajkot - 360 001. |

I Chandubhai G. Mehta, hereby declare that the particulars given above are true to best of my knowledge and belief

Date : 21 - 03 - 2008
RAJKOT

Sd-
Chandubhai G. Mehta
Publisher & Printer


### દોહા ધરમના

મંગલમય, કલ્યાણમય, સાધન આના પાન ।
તન મન દેખત દેખતે, દેખેં પદ નિર્વાણ ॥

ધ્યાન કરે જબ સાંસ કા, ધ્યાન સત્ય કા હોય ।
કહીં ન મિથ્યા કલ્પના, પથ અવરોધક હોય ॥

તન કા મન કા સાંસ સે, બડા ગહન સંબંધ ।
ઈસે દેખતે દેખતે, ટૂટેં સબ ભવબંધ ॥


**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે


### દોહા ધરમના

મન ચંચલ મન ચપલ હૈ, ભાગ રહા સબ ઓર ।
સાંસ ડોર સે બાંધ કર, રોક રાખ ઈક ઠોર ॥

ચિત કી ચાલ વિચિત્ર હૈ, ઝટ નભ ઝટ પાતાલ ।
સાંસ સાંસ કો દેખતે, મંદ પડે ચિત ચાલ ॥

વિચલિત મન એકાગ્ર કર, કર લે દૂર વિકાર ।
તો હી બંધન મુક્ત હો, મિટે દુખોં કા ભાર ॥


**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે



સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

**વિપશ્યના ૨૧ માર્ચ, ૨૦૦૮**

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**



If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org